# માનવ કલ્યાણ યોજનાનો અમદાવાદ અને રાજકોટ જિલ્લાના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ

વિશ્વજીતસિંહ ભરતસિંહ સોઢા,
રીસર્ચ સ્કોલર,
અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર, આણંદ
ઈ-મેઈલ: vishwajitsinhsodha264@gmail.com
ORCID: 0009-0004-7394232X

ડૉ. વિજય એસ. જરીવાલા,
પ્રોફેસર,
અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર, આણંદ
ઈ-મેઈલ: viju_19782004@yahoo.com

सत्यम् ज्ञानम् अनन्तम्

## અમૂર્ત

ભારત દેશની વાત કરીએ તો આઝાદી મેળવ્યા બાદ 77 વર્ષની વિકાસયાત્રામાં ભારતે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે, તો બીજી તરફ ભારત આજે પણ કેટલીક ગંભીર અને જટિલ સમસ્યાઓ જેવી કે, ગરીબી, બેરોજગારી, આવકની અસમાનતા, ભૂખમરાનો સામનો કરી રહ્યું છે. ભારતની મહત્વપૂર્ણ સમસ્યાઓ પૈકીની ગંભીર સમસ્યા ગરીબી અને બેરોજગારી છે. સરકાર દ્વારા ગરીબી અને બેરોજગારી નાબૂદી માટે, રોજગારીની તકોમાં વધારો થાય અને ગરીબ લોકોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં સુધારો થાય, તે માટે ઘણીબધી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. સરકારની આ યોજનાઓમાંની જ એક યોજના "માનવ કલ્યાણ યોજના" ગરીબી ઘટાડવામાં અને સ્વ-રોજગારી સર્જનમાં કેટલી અસરકારક નિવડી તે જાણવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. અભ્યાસમાં જાણવા મળ્યું કે અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનામાં દરજીકામ, બ્યુટી પાર્લર, વિવિધ પ્રકારની ફેરી, દૂધ-દહીં વેચનાર, ઈલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ અને કડીયાકામના વ્યવસાયમાં સૌથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. માનવ કલ્યાણ યોજનામાં જાતિ પ્રમાણે લાભાર્થીઓનું પ્રમાણ જોતા અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ અને સૌથી ઓછો અનુસુચિત જનજાતિના લાભાર્થીઓએ લાભ લીધો હતો. જયારે રાજકોટ જિલ્લામાં સૌથી વધુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ અને સૌથી ઓછો લઘુમતી વર્ગના લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## 1. પ્રસ્તાવના:

વૃદ્ધિ વિરુદ્ધ કલ્યાણનો વિવાદ એ અર્થશાસ્ત્રમાં ખૂબ જ ચર્ચાનો મુદ્દો રહ્યો છે. આ ચર્ચા ભારતના બે વિદ્વાનો પ્રો. અમર્ત્ય સેન અને પ્રો. જગદીશ ભગવતી વચ્ચેની છે. બંને વિદ્વાનો ભારતે આર્થિક વિકાસ સાધવો હોય તો તેનો શ્રેષ્ઠ માર્ગ કયો તેના સંદર્ભમાં તેમણે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. પ્રો. અમર્ત્ય સેન પહેલા સામાજિક વિકાસ પછી આર્થિક વિકાસ તેવું તેઓ માનતા હતા. તેમના માતે દેશના વિકાસ માટે સૌપ્રથમ માનવમૂડીમાં રોકાણ કરવું જોઈએ. શિક્ષણ, આરોગ્ય અને સામાજિક કલ્યાણને પ્રાથમિકતા આપવી જોઈએ, કારણ કે આ બધા દ્વારા જ એક કુશળ અને સ્વસ્થ કાર્યબળનું સર્જન થાય છે. જે દેશના ટકાઉ વિકાસમાં યોગદાન આપે છે. તેની સાથે દેશની માનવમૂડી અને સામાજિક વિકાસમાં સરકારની ભૂમિકા મહત્વનો ભાગ ભજવે છે. જો વિકાસની પ્રક્રિયા બજાર ઉપર છોડી દેવામાં આવે તો સમાજમાં અસમાનતા ઊભી થશે, કારણ કે બજાર વંચિતતાના સિદ્ધાંત પર કામ કરે છે, તેથી તે ખાનગી નફાને ધ્યાનમાં રાખીને કામ કરે છે,

સામાજિક કલ્યાણને ધ્યાનમાં રાખીને નહીં. તેથી અહીં સરકારનો હસ્તક્ષેપ મહત્વનો બની જાય છે, જેથી સરકારે આર્થિક વિકાસની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરીને જાહેર આરોગ્ય, શિક્ષણ, ગરીબી નાબૂદી કાર્યક્રમો, રોજગારી સર્જન કાર્યક્રમો વગેરે હાથ ધરીને આર્થિક વિકાસ કરવો જોઈએ. આમ, પ્રો. અમર્ત્ય સેનના મતે પહેલા સામાજિક વિકાસ કરવો જોઈએ પછી આર્થિક વિકાસ સાધવાના પ્રયત્નો કરવા જોઈએ. (Wells, 2025) આનાથી વિરુદ્ધ પ્રો. જગદીશ ભગવતી એવી દિલ કરે છે કે, આર્થિક વૃદ્ધિ એ વિકાસ સાધવાનો શ્રેષ્ઠ માર્ગ છે. તેઓ માનતા હતા કે પહેલા દેશનો વૃદ્ધિદર ઊંચે લઈ જવો જોઈએ કારણ કે દેશ ઊંચો વૃદ્ધિદર હાંસલ કરશે તો તેના ફળ દેશના ગરીબ અને પછાત લોકો સુધી પહોંચશે અને તેમનો વિકાસ થશે અને સામાજિક કલ્યાણ શક્ય બનશે. જો દેશનો આર્થિક વૃદ્ધિદર ઊંચે લઈ જવામાં આવે તો તેના લીધે અર્થતંત્રમાં રોજગારીનું સર્જન થશે અને લોકોને રોજગારી મળતા તેઓ ગરીબીમાંથી બહાર આવશે અને સમાજમાં સમાનતા સ્થપાશે. પ્રો. ભગવતીના મતે વિકાસની પ્રક્રિયામાં સરકારનો વધુ પડતો હસ્તક્ષેપ યોગ્ય નથી, જો સરકાર આર્થિક વૃદ્ધિની પ્રક્રિયામાં વધુ પડતો હસ્તક્ષેપ કરશે તો તે આર્થિક વૃદ્ધિની પ્રક્રિયાને બિનકાર્યક્ષમતા અને ભ્રષ્ટાચાર તરફ દોરી શકે છે, તેથી સરકારે અહીં તેનો હસ્તક્ષેપ માર્યાદિત કરીને સમગ્ર વિકાસની પ્રક્રિયા બજાર ઉપર છોડી દેવી જોઈએ. આ ચર્ચાનો નિષ્કર્ષ નીકળે છે કે આ ચર્ચામાં પ્રો. સેન સામાજિક કલ્યાણ ટકાઉ વૃદ્ધિ માટે પાયા રૂપ છે જ્યારે પ્રો. ભગવતીના મતે ઝડપી આર્થિક વૃદ્ધિ સામાજિક વિકાસ માટે જરૂરી સંસાધનોનું સર્જન કરશે તેવું કહે છે. તેથી એવું કહી શકાય કે દેશ આર્થિક વિકાસનું આયોજન કરે ત્યારે બંને બાબતો ખૂબ જ મહત્વની છે, તેથી બંને વચ્ચે સંતુલન જળવાવું જોઈએ. (AHUJA, 2018) આ સંદર્ભમાં ભારતે આર્થિક વિકાસ સાધવા માટે અને વિકાસ આડે આવતી સમસ્યાઓ જેવી કે ગરીબી, બેરોજગારીને દૂર કરવા માટે ઘણીબધી યોજનાઓ અમલમાં મૂકી હતી. જેવી કે, મનરેગા યોજના, જાહેર વિતરણ વ્યવસ્થા, પોષણ અભિયાન, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, સ્ટેન્ડ અપ ઇન્ડિયા, દિન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના, ગ્રામીણ સ્વ-રોજગાર તાલીમ સંસ્થાઓ વગેરે યોજનાઓ અમલમાં મૂકી છે.

ભારતમાં આવી યોજનાઓ ઉપર ચર્ચા કર્યા મુજબ અમલમાં છે. તેમાંથી ઘણીબધી યોજનાઓ લોકોને સીધો લાભ આપે છે, જેવી કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત 81.5 કરોડ લાભાર્થીઓને નિ:શુલ્ક અનાજ પૂરું પાડવામાં આવે છે, (ગ્રાહક બાબતો, 2025) તેમજ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત વર્ષ 2024 સુધી 11 કરોડથી વધુ ખેડૂતોને 2.42 લાખ કરોડ રૂપિયાથી વધુ રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. (મંત્રાલય, 2025) અહીં,

પ્રો. અમર્ત્ય સેનના મતે જો લોકોને સીધો લાભ આપવામાં આવે તો તેઓને મફતમાં વસ્તુઓ મળવાને કારણે તેમની કામ કરવાની ઇચ્છા અને ક્ષમતામાં ઘટાડો થશે. (AHUJA, 2018) આથી લોકોનો સાચા અર્થમાં વિકાસ થઇ શકશે નહિ, તેઓ સ્વનિર્ભર બની શકશે નહિ, પરતું સીધો લાભ આપવાના બદલે જો તેમને પોતાનો વ્યવસાય શરુ કરવા માટે જરૂરી સાધન સહાય આપવામાં આવે તો, તેઓ પોતાનો વ્યવસાય શરૂ કરી શકશે અને સ્વનિર્ભર બની શકશે અને સાચા અર્થમાં લોકોનું કલ્યાણ થઈ શકશે. (AHUJA, 2018) આ સંદર્ભમાં ગરીબ લોકો પોતાનો વ્યવસાય શરૂ કરી શકે અને સ્વનિર્ભર બને તે માટે ગુજરાત સરકારે માનવ કલ્યાણ યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત જુદા-જુદા 27 પ્રકારના વ્યવસાયમાં જરૂરી સાધન સહાય પૂરી પાડીને લોકોને પોતાનો ધંધો શરૂ કરવામાં મદદ કરવામાં આવે છે. તો આ યોજનાને કારણે અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં ગરીબી નાબૂદી અને સ્વરો-જગાર સર્જન પર શું અસર થઇ તે જાણવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

### 1.1. માનવ કલ્યાણ યોજનાનો પરિચય:

માનવ કલ્યાણ યોજના ગરીબી રેખાની નીચે જીવતા વ્યક્તિઓ/કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવા માટેની અગાઉ ચાલતી સ્વ-રોજગાર યોજનાને બદલે નવેમ્બર 1995 થી શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં ફેરીયા, શાકભાજી વેચનાર, સુથારીકામ વગેરે જેવા 27 પ્રકારના ટ્રેડમાં નાના કદના વેપાર/ધંધો શરૂ કરવા માટે લોકોને ટ્રેડ પ્રમાણે જરૂરી સાધન/ઓજારના સ્વરૂપમાં સહાય આપવામાં આવે છે. (સરકાર, 2024)

## 2. સાહિત્ય સમીક્ષા:

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં અગાઉ જુદા-જુદા સંશોધકોએ કરેલા અભ્યાસોની સમીક્ષા કરીને તેને નીચે મુજબ રજુ કરવામાં આવ્યા છે,

- **જે. ઓ. અટ્ટાહ (2023) "કડુના રાજ્યના યુવાનોની સ્વ-રોજગારીમાં રાષ્ટ્રીય રોજગાર નિયામકની રાષ્ટ્રીય ઓપન એપ્રેન્ટીસશીપ યોજનાનું યોગદાન"** વિષય પર પ્રસ્તુત અભ્યાસ નાઈઝીરીયાના સંદર્ભમાં 2013માં કર્યો હતો. આ અભ્યાસ મુજબ, નેશનલ એપ્રેન્ટીસશીપ યોજનાએ કડુના રાજ્યમાં રોજગારી સર્જનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે, આ યોજનાએ લાભાર્થીઓને તાલીમ લીધા બાદ સ્વ-રોજગારી ઊભી કરવામાં પણ મદદ કરી છે. (Attah et al., 2023)

- **જી.કે. વાણી, પી.એસ શ્રીકાંત મૂર્તિ, એમ.જી ચંદ્રકાંત, જી.એમ. ગદી, એચ. ચંદ્રશેખર, એન. નાગરાજ, એમ. ભદ્દરાય (2015) "રોજગાર સર્જન, શ્રમ સ્થળાંતર અને મનરેગા હસ્તક્ષેપ: ગ્રામ્ય સ્તરના અભ્યાસમાંથી પુરાવા"** વિષય પર પ્રસ્તુત અભ્યાસ કર્ણાટક રાજ્યના સંદર્ભમાં 2015માં કર્યો હતો. આ અભ્યાસ મુજબ, વર્ષ 2011-12થી 2013-14 દરમિયાન મનરેગા યોજનાના પુરુષ અને સ્ત્રી લાભાર્થીઓ દ્વારા પ્રાપ્ત રોજગારના દિવસો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નથી, આનું કારણ સ્ત્રી શ્રમિકોને મનરેગા યોજના હેઠળ કૃષિશ્રમિક અથવા ઘરકામ તરીકે કામ કરવાની તુલનામાં ઊંચો વેતન દર મળ્યો હતો. મનરેગા યોજના સામાન્ય ધોરણે મહિલાઓ અને સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોને સશક્ત કરવામાં સફળ રહી છે, પરંતુ આ યોજનાની ગ્રામીણ શ્રમિકોના શહેરી વિસ્તારોમાં થતા સ્થળાંતર પર કોઈ અસર થઈ નથી. (Vani et al., 2015)
- **એન. હરીશ (2020) "ગ્રામીણ પરિવારો પર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદાની અસર: કર્ણાટકના દાવણગરે જિલ્લામાં એક કેસ સ્ટડી"** વિષય પર પ્રસ્તુત અભ્યાસ કર્ણાટક રાજ્યના સંદર્ભમાં 2020માં કર્યો હતો. આ અભ્યાસ મુજબ, મનરેગા યોજનાના અમલ પહેલાના સમયગાળાની તુલનામાં મનરેગા યોજનાના અમલ પછીના સમયગાળામાં રોજગારી સર્જનનું પ્રમાણ નોંધપાત્ર હોવાનું જાણવા મળ્યું હતું. મનરેગા યોજનાના અમલ પહેલાના સમયગાળાની સરખામણીમાં મનરેગા યોજનાના અમલ પછીના સમયગાળામાં લાભાર્થીઓની વાર્ષિક આવક વધારે જોવા મળી હતી. (Harish, 2020)
- **ચૌધરી પંકજકુમાર પી (2013) "ગ્રામીણ સમુદાય પર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમની અસરોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ વડગામ તાલુકાના સંદર્ભમાં"** વિષય પર પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યના સંદર્ભમાં 2023માં કર્યો હતો. આ અભ્યાસ મુજબ, આ યોજના નવા વ્યવસાયો શરૂ કરવા, શિક્ષણ અને તાલીમ માટે મદદરૂપ થઇ હતી. યોજનાના લાભાર્થીઓએ જણાવ્યું કે તેમને રોજગારી મળતા તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો હતો, દેવાના પ્રમાણમાં ઘટાડો થયો હતો. આ યોજનાની મર્યાદા એ હતી કે તેમાં કાર્યવાહી ખૂબ જટિલ હતી, તેમાં ભ્રષ્ટાચાર, દલાલો અને વચેટિયાઓના દૂષણો વગેરે સમસ્યાઓ જોવા મળી હતી. (ચૌધરી, 2013)
- **અહમદ મોહમ્મદ ત્સોની (2010) "નાઈઝીરીયામાં મહિલાઓમાં સ્વ-રોજગારીનું સામાજિક-આર્થિક વિશ્લેષણ"** વિષય પર પ્રસ્તુત અભ્યાસ નાઇઝીરીયાના સંદર્ભમાં 2010 કર્યો હતો. આ

અભ્યાસ મુજબ, અભ્યાસ ક્ષેત્રમાં મોટાભાગની મહિલાઓ વિવિધ આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલી છે જેવી કે, હેર ડ્રેસિંગ, ટેલરિંગ, ખોરાક વેચવો, લાકડાનું વેચાણ, વણાટકામ, ડ્રાયક્લિનિંગ, મરઘા ઉછેર, મત્સ્યપાલન, સ્થાનિક પીણાંનું વેચાણ વગેરે. સ્વ-રોજગારીના કારણે મહિલાઓ સ્વાવલંબી બની હતી. સ્વ-રોજગાર મહિલાઓ કેટલીક સમસ્યાઓનો સામનો કરતી જોવા મળી હતી, જેવી કે મૂડીનો અભાવ. તાલીમ મેળવવા માટે શિક્ષણનું નીચું સ્તર, પ્રોત્સાહનનો અભાવ, સરકારી સહાયનો અભાવ, બજારની અછત, કાચા માલના ખર્ચમાં વધારો, અપૂરતા સાધનો વગેરે. (Tsauni, 2010)

- **ગીતા, ડૉ. પી વિજ્યાલક્ષ્મી (2023)** "તમિલનાડુમાં પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમની પ્રગતિ" વિષય પર પ્રસ્તુત અભ્યાસ તમિલનાડુ રાજ્યના સંદર્ભમાં 2023માં કર્યો હતો. આ અભ્યાસ મુજબ, અભ્યાસના સમયગાળા દરમિયાન સાહસિકોને વિતરણ કરવા માટે નક્કી કરેલ લક્ષ્યાંકિત રકમ અને વાસ્તવમાં વિતરણ કરેલ રકમ વચ્ચે ઘણો તફાવત જોવા મળ્યો હતો એટલે કે સરકાર નક્કી કરેલ લક્ષ્યાંકિત રકમનું વિતરણ કરી શકી નથી. પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ દ્વારા સર્જાયેલ રોજગાર લક્ષ્યાંકિત રોજગાર કરતા વધુ હતો. અભ્યાસના સમયગાળા દરમિયાન પ્રથમ બે વર્ષને બાદ કરતા પછીના વર્ષોમાં લક્ષ્યાંક કરતા વધુ એકમો શરૂ થયા હતા. આ કાર્યક્રમે ગ્રામીણ અને શહેરી બેરોજગારોને તાલીમ, લોન અને સબસીડી આપીને સાહસ શરૂ કરવામાં મદદ કરી હતી. (Geetha & Vijayalakshmi, 2023)

## 3. અભ્યાસના હેતુઓ:

આ સંશોધનના પ્રાથમિક હેતુઓ નીચે મુજબ છે;

1) માનવ કલ્યાણ યોજનાનો અમદાવાદ અને રાજકોટ જિલ્લાના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ કરવો.
2) માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓનો વ્યવસાય પ્રમાણે અમદાવાદ અને રાજકોટ જિલ્લાના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3) માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓનો જાતિ પ્રમાણે અમદાવાદ અને રાજકોટ જિલ્લાના સંદર્ભમાં અભ્યાસ કરવો.
4) માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓના પડકારો તપાસવા.

## 4. અભ્યાસની પદ્ધતિ:

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી ઉપર આધારીત છે. સંશોધનમાં ગૌણ માહિતી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર ગુજરાત સરકારની વેબસાઇટ પરથી, મહાશોધ નિબંધો, સંશોધન પત્રો, વિવિધ જર્નલો, પુસ્તકો, સરકારી અહેવાલો વગેરેમાંથી એકત્રિત કરવામાં આવી હતી. એકત્રિત કરેલ ગૌણ માહિતીનું કોષ્ટકીકરણ અને વિશ્લેષણ કરીને તેમજ સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદરનો ઉપયોગ કરીને તારણો કાઢવામાં આવ્યા હતા.

## 5. માહિતીનું વિશ્લેષણ:

**કોષ્ટક 1. અમદાવાદ જિલ્લામાં તાલુકા પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2021-22 થી 2023-24)**

| ક્રમ | તાલુકો | લાભાર્થીઓની સંખ્યા | | | સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર (2021-22 થી 2023-24) |
|---|---|---|---|---|---|
| | | 2021-22 | 2023-24 | 2023-24 | |
| 1 | અસારવા | 190 | 573 | 708 | 93% |
| 2 | બાવળા | 86 | 162 | 142 | 28% |
| 3 | દશક્રોઇ | 29 | 119 | 120 | 103% |
| 4 | દેત્રોજ-રામપુરા | 96 | 153 | 79 | -9% |
| 5 | ધંધુકા | 57 | 217 | 196 | 85% |
| 6 | ધોલેરા | 18 | 59 | 50 | 67% |
| 7 | ધોળકા | 124 | 222 | 266 | 46% |
| 8 | ઘાટલોડીયા | 33 | 76 | 39 | 9% |
| 9 | માંડલ | 54 | 158 | 101 | 37% |
| 10 | મણિનગર | 95 | 645 | 785 | 187% |
| 11 | સાબરમતી | 50 | 220 | 177 | 88% |
| 12 | સાણંદ | 22 | 168 | 104 | 117% |
| 13 | વટવા | 69 | 225 | 155 | 50% |
| 14 | વેજલપુર | 27 | 134 | 119 | 110% |
| 15 | વિરમગામ | 250 | 319 | 324 | 14% |
| અમદાવાદ જિલ્લો | | 1200 | 3450 | 3365 | 67% |

*(સ્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

**આલેખ 1. અમદાવાદ જિલ્લામાં તાલુકા પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2021-22 થી 2023-24)**




*(સ્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

ઉપરના કોષ્ટક 1 અને આલેખ 1માં વર્ષ: 2021-22 થી 2023-24માં અમદાવાદ જિલ્લામાં તાલુકા પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા દશાવવામાં આવી છે. કોષ્ટક અને આલેખમાં જોઈ શકાય છે કે વર્ષ 2021-22, 2022-23 અને 2023-24માં અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાનો મણિનગર, વિરમગામ, અસારવા અને ધોળકા તાલુકામાં સૌથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જ્યારે ધોલેરા અને ઘાટલોડીયા તાલુકામાં સૌથી ઓછા લાભાર્થીઓએ લાભ લીધો હતો.

અમદાવાદ જિલ્લામાં મણિનગર, વિરમગામ, અસારવા અને ધોળકા તાલુકાઓમાં યોજનાના અસરકારક અમલ, આ તાલુકાઓમાં પરંપરાગત અને નાનાં વ્યવસાયો જેવા કે લુહારીકામ, કુંભારીકામ, દરજીકામ, કડીયાકામ વગરેનું પ્રમાણ વધારે જોવા મળે છે તેમજ આ તાલુકાઓમાં શ્રમિકો અને નાનાં કારીગરોની સંખ્યા વધુ હોવાથી માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ વાધારે જોવા મળે છે. જ્યારે ધોલેરા તાલુકામાં વસ્તી ઓછી હોવાથી, તેમજ રોજગારી માટે અમદાવાદ શહેર કે નજીકના ઔદ્યોગીક વિસ્તારોમાં સ્થળાંતર કરીને જાય છે તેથી લાભાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ઘાટલોડીયા તાલુકામાં મોટાભાગના લોકો મોટા વેપાર અથવા પ્રોફેશનલ સેવાઓ સાથે સંકળાયેલા હોવાને કારણે લાભાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**આલેખ 2. અમદાવાદ જિલ્લાના તાલુકાઓનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર (વર્ષ: 2021-22 થી 2023-24)**




*(સ્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

ઉપરના કોષ્ટક 1 અને આલેખ 2માં વર્ષ: 2021-22 થી 2023-24માં અમદાવાદ જિલ્લામાં તાલુકા પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના સંદર્ભમાં સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર દર્શાવવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લાનો માનવ કલ્યાણ યોજનાના સંદર્ભમાં સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર 67% મળ્યો હતો. અમદાવાદ જિલ્લામાં સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર પ્રમાણે જોતા મણિનગર તાલુકાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર સૌથી ઊંચો 187% જોવા મળ્યો હતો, જ્યારે ઘાટલોડીયા તાલુકાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર સૌથી નીચો 9% જોવા મળ્યો હતો. દેત્રોજ-રામપુરા તાલુકાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર ઋણ જોવા મળ્યો હતો, જેનો અર્થ એવો થાય છે કે આ વર્ષો દરમિયાન લાભાર્થીની સંખ્યામાં ઘટાડો થયો હતો.

મણિનગર તાલુકો અમદાવાદ જિલ્લાનો વિકસિત અને ગીચ વસ્તી ધરાવતો વિસ્તાર છે અને અહીં સરકારી કચેરીની અસરકારક કામગીરીના કારણે મણિનગર તાલુકાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર ઊંચો જોવા મળ્યો હતો. જ્યારે ઘાટલોડીયા તાલુકામાં મોટાભાગના લોકો મોટા વેપાર અથવા પ્રોફેશનલ સેવાઓ સાથે સંકળાયેલા હોવાને કારણે વૃદ્ધિદર નીચો જોવા મળ્યો હતો. તેમજ દેત્રોજ-રામપુરા તાલુકો એ અંતરિયાળ ગ્રામીણ વિસ્તાર હોવાથી લોકો રોજગારી અર્થે શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરે છે તેમજ દસ્તાવેજો પ્રાપ્ત કરવામાં આવતી મુશ્કેલીઓને કારણે દેત્રોજ-રામપુરા તાલુકોનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર ઋણ જોવા મળ્યો હતો.

**કોષ્ટક 2. અમદાવાદ જિલ્લામાં ટ્રેડ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2021-22 થી 2023-24)**

| ક્રમ | ટ્રેડના નામ | લાભાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | 2021-22 | 2022-23 | 2023-24 |
| 1 | કડિયા કામ | 38 | 109 | 55 |
| 2 | સેન્ટીંગ કામ | 6 | 33 | 15 |
| 3 | વાહન સર્વિસિંગ અને રીપેરીંગ | 29 | 106 | 96 |
| 4 | મોચી કામ | 0 | 1 | 2 |
| 5 | દરજીકામ | 436 | 958 | 934 |
| 6 | ભરત કામ | 3 | 69 | 106 |
| 7 | કુંભારીકામ | 6 | 4 | 0 |
| 8 | વિવિધ પ્રકારની ફેરી | 130 | 416 | 324 |
| 9 | પ્લમ્બર | 9 | 83 | 40 |
| 10 | બ્યુટી પાર્લર | 143 | 583 | 739 |
| 11 | ઈલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરિંગ | 45 | 128 | 191 |
| 12 | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ | 45 | 71 | 101 |
| 13 | સુથારી કામ | 40 | 92 | 74 |
| 14 | ધોબી કામ | 5 | 9 | 25 |
| 15 | સાવરણી સુપડા બનાવનાર | 0 | 1 | 0 |
| 16 | દુધ-દહીં વેચનાર | 115 | 408 | 214 |
| 17 | માછલી વેચનાર | 3 | 3 | 2 |
| 18 | અથાણા બનાવટ | 4 | 71 | 37 |
| 19 | ગરમ, ઠંડાપીણા, અલ્પાહાર વેચાણ | 52 | 65 | 192 |
| 20 | પંચર કીટ | 16 | 4 | 40 |
| 21 | ફ્લોર મિલ | 19 | 5 | 15 |
| 22 | મસાલા મીલ | 2 | 2 | 10 |
| 23 | રૂની દિવેટ બનાવવી (સખીમંડળની બહેનો) | 0 | 0 | 2 |

| | | | | |
|---|---|---|---|---|
| 24 | મોબાઇલ રીપેરીંગ | 8 | 46 | 30 |
| 25 | પેપર કપ અને ડીશ બનાવટ (સખીમંડળ) | 0 | 6 | 4 |
| 26 | હેર કટીંગ (વાળંદ કામ) | 38 | 79 | 42 |
| 27 | પાપડ બનાવટ | 8 | 98 | 75 |

*(સ્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

**આલેખ 3. અમદાવાદ જિલ્લામાં ટ્રેડ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2021-22 થી 2023-24)**




*(સ્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

ઉપરના કોષ્ટક 2 અને આલેખ 3માં વર્ષ: 2021-22 થી 2023-24માં અમદાવાદ જિલ્લામાં 27 પ્રકારના વ્યવસાય પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા દર્શાવી છે. કોષ્ટક અને આલેખમાં દર્શાવ્યા મુજબ વર્ષ 2021-22, 2022-23 અને 2023-24માં દરજીકામ, બ્યુટી પાર્લર, વિવિધ પ્રકારની ફેરી અને દુધ-દહીં વેચનારના વ્યવસાયમાં સૌથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જ્યારે વર્ષ 2021-22, 2022-23 અને 2023-24માં અમદાવાદ જિલ્લામાં મસાલા મીલ, ધોબીકામ, માછલી વેચનાર, મોચીકામ, કુંભારીકામ, સાવરણી સુપડા બનાવનાર,

રૂની દિવેટ બનાવવી અને પેપર કપ અને ડીશ બનાવટના વ્યવસાયમાં સૌથી ઓછા લાભાર્થીઓએ લાભ લીધો હતો.

દરજીકામ, બ્યુટીપાર્લર, દૂધ-દહીં વેચવાના અને વિવિધ પ્રકારની ફેરીનો વ્યવસાયની બજારમાં માંગ વધુ હોવાથી, સરકાર અને સંસ્થાઓ દ્વારા આ વ્યસાયો સંબંધિત તાલીમ વર્ગો ચાલવામાં આવે છે તેમજ ઓછા મૂડીરોકાણથી ઘરે અથવા નાની દુકાનમાંથી શરૂ કરી શકાય છે તેથી આ વ્યવસાયોમાં લાભાર્થીઓ વધારે લાભ લે છે. જ્યારે બજારમાં મશીનથી બનાવેલા અને પેક કરેલા મસાલા અને ચપ્પલ મળવાને કારણે લોકો પરંપરાગત મસાલા મીલ અને મોચીકામની વસ્તુઓ ઓછી પસંદ કરે છે, કુંભારીકામ, સાવરણી સુપડા બનાવનાર, રૂની દિવેટ બનાવવી અને પેપર કપ અને ડીશ બનાવટના વ્યવસાયમાં મહેનત વધુ અને નફો ઓછો હોવાથી તેમજ બજારમાં આ વ્યવસાય સંબંધિત વસ્તુઓ બનાવતી કંપનીઓની તીવ્ર હરિફાઇનો સામનો કરવો પડે છે તેથી આ વ્યવસાયો લોકો ઓછા પસંદ કરે છે.

**કોષ્ટક 3. અમદાવાદ જિલ્લામાં જાતિ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2022-23 થી 2023-24)**

| ક્રમ | જાતિ | લાભાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | 2022-23 | 2023-24 |
| 1 | સામાન્ય | 861 | 948 |
| 2 | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો | 1435 | 1310 |
| 3 | અનુસુચિત જાતિ | 955 | 929 |
| 4 | અનુસુચિત જનજાતિ | 67 | 67 |
| 5 | લઘુમતી | 132 | 111 |

*(સ્ત્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર.)*

**આલેખ 4. અમદાવાદ જિલ્લામાં જાતિ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2022-23 થી 2023-24)**




*(સ્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર.)*

ઉપરના કોષ્ટક 3 અને આલેખ 4માં વર્ષ: 2022-23થી 2023-24માં અમદાવાદ જિલ્લામાં જાતિ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા દર્શાવી છે. કોષ્ટક અને આલેખમાં દર્શાવ્યા મુજબ વર્ષ 2022-23 અને 2023-24માં અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાનો સૌથી વધુ લાભ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ લીધો હતો, જ્યારે સૌથી ઓછો લાભ અનુસુચિત જનજાતિના લાભાર્થીઓએ લીધો હતો.

અમદાવાદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની વસ્તી વધુ હોવાને કારણે લાભાર્થીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે, જ્યારે અનુસૂચિત જનજાતિની વસ્તી ઓછી હોવાને કારણે લાભાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**કોષ્ટક 4. રાજકોટ જિલ્લામાં તાલુકા પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2021-22 થી 2023-24)**

| ક્રમ | તાલુકો | લાભાર્થીઓની સંખ્યા | | | સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર |
|---|---|---|---|---|---|
| | | 2021-22 | 2023-24 | 2023-24 | 2023-24 |
| 1 | ધોરાજી | 62 | 178 | 95 | 24% |
| 2 | ગોંડલ | 147 | 194 | 149 | 1% |
| 3 | જામકંડોરણા | 10 | 53 | 37 | 92% |
| 4 | જસદણ | 98 | 119 | 108 | 5% |
| 5 | જેતપુર | 132 | 233 | 136 | 2% |
| 6 | કોટડા-સાંગાણી | 21 | 48 | 58 | 66% |
| 7 | લોધિકા | 8 | 23 | 34 | 106% |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8 | પડધરી | 32 | 44 | 35 | 5% |
| 9 | રાજકોટ | 154 | 175 | 245 | 26% |
| 10 | રાજકોટ શહેર પૂર્વ | 164 | 190 | 232 | 19% |
| 11 | રાજકોટ શહેર દક્ષિણ | 66 | 118 | 145 | 48% |
| 12 | રાજકોટ શહેર પશ્ચિમ | 39 | 72 | 90 | 52% |
| 13 | ઉપલેટા | 82 | 113 | 109 | 15% |
| 14 | વીંછીયા | 102 | 79 | 105 | 1% |
| | રાજકોટ જિલ્લો | 1117 | 1639 | 1578 | 19% |

*(સ્ત્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

**આલેખ 5. રાજકોટ જિલ્લામાં તાલુકા પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2021-22 થી 2023-24)**




*(સ્ત્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

ઉપરના કોષ્ટક 4 અને આલેખ 5માં વર્ષ: 2021-22 થી 2023-24માં રાજકોટ જિલ્લામાં તાલુકા પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા દશાવવામાં આવી છે. કોષ્ટક અને આલેખમાં જોઈ શકાય છે કે વર્ષ 2021-22, 2022-23 અને 2023-24માં રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાનો રાજકોટ શહેર(પૂર્વ), રાજકોટ, ગોંડલ અને જેતપુર તાલુકામાં સૌથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જ્યારે વર્ષ 2021-22, 2022-23 અને 2023-24માં લોધિકા, જામકંડોરણા અને પડધરી તાલુકામાં સૌથી ઓછા લાભાર્થીઓએ લાભ લીધો હતો.

રાજકોટ જિલ્લાના રાજકોટ શહેર(પૂર્વ), રાજકોટ, ગોંડલ અને જેતપુર તાલુકામાં શહેરીકરણ, ઉદ્યોગો અને વેપારી પ્રવૃત્તિઓનું પ્રમાણ વધારે જોવા મળે છે તેના કારણે લાભાર્થીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે લોધિકા, જામકંડોરણા અને પડધરી તાલુકામાં શહેરીકરણ અને ઉદ્યોગો ઓછા હોવાથી તેમજ વસ્તી ઓછી હોવાના કારણે પણ લાભાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**આલેખ 6. રાજકોટ જિલ્લાના તાલુકાઓનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર (વર્ષ: 2021-22 થી 2023-24)**




*(સ્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

ઉપરના કોષ્ટક 4 અને આલેખ 6માં વર્ષ: 2021-22 થી 2023-24માં રાજકોટ જિલ્લામાં તાલુકા પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના સંદર્ભમાં સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર દર્શાવવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લાનો માનવ કલ્યાણ યોજનાના સંદર્ભમાં સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર 19% મળ્યો હતો. રાજકોટ જિલ્લામાં સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર પ્રમાણે જોતા લોધિકા તાલુકાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર સૌથી ઊંચો 106% જોવા મળ્યો હતો, જ્યારે ગોંડલ અને વીંછીયા તાલુકાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર સૌથી નીચો 1% જોવા મળ્યો હતો.

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાં યોજનાના વ્યાપક પ્રચાર, માર્ગદર્શન અસરકારક મળવાને કારણે તેમજ સ્થાનિક સંસ્થાઓ અને જૂથો જેવા કે સ્વસહાય જૂથો, એન.જી.ઓ. વગેરેના સહયોગથી વધુમાં વધુ લોકોને આ યોજનાનો લાભ મળવાને કારણે લોધિકા તાલુકાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર ઊંચો જોવા મળ્યો હતો. જયારે ગોંડલ અને વીંછીયા તાલુકામાં સરકાર તરફથી ઓછા ભંડોળની ફાળવણી કારણે, મોટાભાગના લાયક લાભાર્થીઓને યોજનાનો લાભ મળી ગયો

હોવાથી નવા લાભાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો ન હોવાથી ગોંડલ અને વીંછીયા તાલુકાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર નીચો જોવા મળ્યો હતો.

**કોષ્ટક 5. રાજકોટ જિલ્લામાં ટ્રેડ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2021-22 થી 2023-24)**

| ક્રમ | ટ્રેડના નામ | લાભાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | 2021-22 | 2022-23 | 2023-24 |
| 1 | કડિયા કામ | 15 | 45 | 91 |
| 2 | સેન્ટીંગ કામ | 6 | 43 | 51 |
| 3 | વાહન સર્વિસિંગ અને રીપેરીંગ | 16 | 33 | 66 |
| 4 | મોચી કામ | 1 | 4 | 2 |
| 5 | દરજીકામ | 750 | 410 | 265 |
| 6 | ભરત કામ | 5 | 110 | 84 |
| 7 | કુંભારીકામ | 0 | 2 | 0 |
| 8 | વિવિધ પ્રકારની ફેરી | 30 | 202 | 101 |
| 9 | પ્લમ્બર | 9 | 33 | 60 |
| 10 | બ્યુટી પાર્લર | 113 | 215 | 268 |
| 11 | ઈલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરિંગ | 22 | 42 | 72 |
| 12 | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ | 21 | 15 | 63 |
| 13 | સુથારી કામ | 24 | 67 | 72 |
| 14 | ધોબી કામ | 2 | 3 | 22 |
| 15 | સાવરણી સુપડા બનાવનાર | 0 | 6 | 5 |
| 16 | દુધ-દહીં વેચનાર | 25 | 207 | 122 |
| 17 | માછલી વેચનાર | 1 | 5 | 1 |
| 18 | અથાણા બનાવટ | 3 | 35 | 43 |
| 19 | ગરમ, ઠંડાપીણા, અલ્પાહાર વેચાણ | 19 | 20 | 49 |
| 20 | પંચર કીટ | 3 | 4 | 41 |
| 21 | ફ્લોર મિલ | 19 | 3 | 9 |
| 22 | મસાલા મીલ | 5 | 2 | 6 |
| 23 | રૂની દિવેટ બનાવવી (સખીમંડળની બહેનો) | 0 | 1 | 1 |
| 24 | મોબાઇલ રીપેરીંગ | 5 | 24 | 23 |

| | | | | |
|---|---|---|---|---|
| 25 | પેપર કપ અને ડીશ બનાવટ (સખીમંડળ) | 0 | 0 | 1 |
| 26 | હેર કટીંગ (વાળંદ કામ) | 20 | 49 | 50 |
| 27 | પાપડ બનાવટ | 3 | 59 | 10 |

*(સ્ત્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

**આલેખ 7. રાજકોટ જિલ્લામાં ટ્રેડ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2021-22 થી 2023-24)**




*(સ્ત્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર)*

ઉપરના કોષ્ટક 5 અને આલેખ 7માં વર્ષ: 2021-22 થી 2023-24માં રાજકોટ જિલ્લામાં 27 પ્રકારના વ્યવસાય પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા દર્શાવી છે. કોષ્ટક અને આલેખમાં દર્શાવ્યા મુજબ વર્ષ 2021-22, 2022-23 અને 2023-24માં દરજીકામ, બ્યુટી પાર્લર, દુધ-દહીં વેચનાર અને વિવિધ પ્રકારની ફેરીના વ્યવસાયમાં સૌથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જ્યારે વર્ષ 2021-22, 2022-23 અને 2023-24માં રાજકોટ જિલ્લામાં મોચીકામ, કુંભારીકામ, ધોબીકામ, માછલી વેચનાર, સાવરણી સુપડા બનાવનાર, મસાલા મીલ, રૂની દિવેટ બનાવવી અને પેપર કપ અને ડીશ બનાવટના વ્યવસાયમાં સૌથી ઓછા લાભાર્થીઓએ લાભ લીધો હતો.

દરજીકામ, બ્યુટીપાર્લર, દૂધ-દહીં વેચવાના અને વિવિધ પ્રકારની ફેરીનો વ્યવસાયની બજારમાં માંગ વધુ હોવાથી, સરકાર અને સંસ્થાઓ દ્વારા આ વ્યસાયો સંબંધિત તાલીમ વર્ગો ચાલવામાં આવે છે તેમજ ઓછા મૂડીરોકાણથી ઘરે અથવા નાની દુકાનમાંથી શરૂ કરી શકાય છે તેથી આ વ્યવસાયોમાં લાભાર્થીઓ વધારે લાભ લે છે. મસાલા મીલ, મોચીકામ, કુંભારીકામ, સાવરણી સુપડા બનાવનાર, રૂની દિવેટ બનાવવી અને પેપર કપ અને ડીશ બનાવટના વ્યવસાયમાં મહેનત વધુ અને નફો ઓછો હોવાથી તેમજ બજારમાં આ વ્યવસાય સંબંધિત વસ્તુઓ બનાવતી કંપનીઓની તીવ્ર હરિફાઇનો સામનો કરવો પડતો હોવાથી લોકો યોજના અંતર્ગત આ પ્રકારના વ્યવસાયમાં ઓછો લાભ લેતા જોવા મળે છે.

**કોષ્ટક 6. રાજકોટ જિલ્લામાં જાતિ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2022-23 થી 2023-24)**

| ક્રમ | જાતિ | લાભાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | 2022-23 | 2023-24 |
| 1 | સામાન્ય | 424 | 349 |
| 2 | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો | 731 | 761 |
| 3 | અનુસુચિત જાતિ | 387 | 402 |
| 4 | અનુસુચિત જનજાતિ | 44 | 41 |
| 5 | લઘુમતી | 53 | 25 |

*(સ્ત્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર.)*

**આલેખ 8. રાજકોટ જિલ્લામાં જાતિ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા (વર્ષ: 2022-23 થી 2023-24)**




*(સ્ત્રોત: કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર.)*

ઉપરના કોષ્ટક 6 અને આલેખ 8માં વર્ષ: 2022-23થી 2023-24માં રાજકોટ જિલ્લામાં જાતિ પ્રમાણે માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની સંખ્યા દર્શાવી છે. કોષ્ટક અને આલેખમાં દર્શાવ્યા મુજબ વર્ષ 2022-23 અને 2023-24માં રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાનો સૌથી વધુ લાભ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ લીધો હતો, જ્યારે સૌથી ઓછો લાભ લઘુમતી અને અનુસુચિત જનજાતિના લાભાર્થીઓએ લીધો હતો.

રાજકોટ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની વસ્તી વધુ હોવાને કારણે લાભાર્થીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે, જ્યારે અનુસૂચિત જનજાતિની વસ્તી ઓછી હોવાને કારણે લાભાર્થીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

## 6. અભ્યાસનાં તારણો:

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના તારણો જાણવા મળ્યા હતા,

- માનવ કલ્યાણ યોજનાના સંદર્ભમાં અમદાવાદ જિલ્લાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર 67% અને રાજકોટ જિલ્લાનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિદર 19% હતો. આના પરથી કહી શકાય કે માનવ કલ્યાણ યોજનાના સંદર્ભમાં અમદાવાદનું રાજકોટ જિલ્લાની સરખામણીમાં પ્રદર્શન સારું જોવા મળે છે.
- અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનામાં દરજીકામ, બ્યુટી પાર્લર, દુધ-દહીં વેચનાર, વિવિધ પ્રકારની ફેરીના, મોચીકામ, કુંભારીકામ, ધોબીકામ, માછલી વેચનાર, સાવરણી સુપડા બનાવનાર, મસાલા મીલ, રૂની દિવેટ બનાવવી અને પેપર કપ અને ડીશ બનાવટના વ્યવસાયમાં લાભાર્થીઓને સાધન સહાય આપીને યોજનાએ તેમને સ્વરોજગાર બનાવવામાં મહત્વની કામગીરી કરી હતી.
- અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાનો સૌથી વધુ લાભ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ લીધો હતો. આના પરથી કહી શકાય કે આ યોજનાએ જેઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે તેવા વર્ગના લોકોને વ્યવસાય શરૂ કરવા માટે સાધન સહાય આપીને તેમના વિકાસમાં અસરકારક ભૂમિકા ભજવી છે.

## 7. સૂચનો:

- જે વિસ્તારોમાં લાભાર્થીઓની સંખ્યા ઓછી છે, ત્યાં વિશેષ સ્થાનિક જાગૃતિ મેળાઓનું આયોજન કરીને યોજનાની જાણકારી આપવી જોઈએ.

- જે લાભાર્થીઓએ ટૂલકીટ મેળવી છે, તેઓ ખરેખર તે વ્યવસાય સાથે જોડાયેલા છે કે નહિ તેની સમયાંતરે તપાસ કરવી જોઈએ.
- યોજના અંતર્ગત લાભાર્થીઓને સાધનો આપવાની સાથે કૌશલ્યયુક્ત તાલીમ પણ આપવી જોઈએ, જેથી તેઓ સાધનોનો મહત્તમ ઉપયોગ કરી શકે.
- લાભાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વસ્તુ કે સેવાનું બજારમાં વેચાણ કરવા માટેની સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.

## 8. સંદર્ભસૂચી:


9. Dr. H. L. AHUJA. (2018). Sen Vs. Bhagwati: Debate on Growth and Distribution . Dr. H. L. AHUJA માં, *Macroeconomics Theory and Policy* (પૃ. 932-936). Delhi: S Chand and Company Limited.
10. GoI Press Information Bureau. (22 march 2024). *Rangrajan Report on Poverty*. Press Information Bureau: https://pib.gov.in/newsite/printrelease.aspx?relid=108291 માંથી પ્રાપ્ત
11. Ministry of labour and Employment, & Directorate General of Employment. (2022). *Labour and Employment Statistics 2022*. New Delhi : Government of India .
12. Planning Commission, Gov. of India Programme Evaluation Organization, & Population Research Centre Department of Economic University of Kashmir. (2009). *Evaluation Report on Swarnjayanti Gram Swarozgar Yojana (SGSY) Jammu & Kashmir*. New Delhi : Planning Commission, Gov. of India .
13. The Wire. (4 December 2023). *The WIRE*. thewire: http://thewire.in/government/one-third-ofgujarats-population-is-living-below-the-poverty-line-report માંથી પ્રાપ્ત
14. Thomas Wells. (10 August 2025). *Sen's Capability Approach* . Internet Encyclopedia of Philosophy : https://iep.utm.edu/sen-cap/?hl=en-US માંથી પ્રાપ્ત
15. UNDP, & OPHI. (2022). *Global Multidimensional Poverty Index*. New York: UNDP & OPHI.
16. આર. સી. જોસી. (૨૦૦૧-૨૦૦૨ ). *વૃધ્ધિ-વિકાસ અને આયોજનનું અર્થશાસ્ત્ર* . સૂરત : ન્યુ પોપ્યુલર પ્રકાશન.

17. કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર. (4 December 2023). *કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર.* e-KUTIR: http://e=kutir.gujarat.gov.in/index.aspx?ServiceID=2 માંથી પ્રાપ્ત

18. ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય ગ્રાહક બાબતો. (16 February 2025). *ખાદ્યાન્ન અને જાહેર વિતરણ વિભાગની વર્ષાન્ત સમીક્ષા-2023* . press information bureau : http://www.pib.gov.in માંથી પ્રાપ્ત

19. ગુજરાત સરકાર. (30 માર્ચ 2024). *માનવ કલ્યાણ યોજના.* કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગ: https://cottage.gujarat.gov.in માંથી પ્રાપ્ત

20. ડી. એમ. મિથાની, & પી. એસ. ત્રિવેદી. (1987). *રાષ્ટ્રીય અર્થવિધાન* . મુંબઈ : ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ .

21. પંકજકુમાર પી. ચૌધરી. (2013). *ગ્રામીણ સમુદાય પર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમની અસરોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ વડગામ તાલુકાના સંદર્ભમાં.* શોધગંગા : http://hdl.handle.net/10603/488914 માંથી પ્રાપ્ત

22. પ્રો. ડૉ. નિલેશ એમ. મારવણીયા. (2023 ). ગુજરાતનું અર્થતંત્ર : આંકડાકીય નજરે . *અર્થસંકલન* , 18 .

23. માહિતી અને પ્રસારણ મંત્રાલય. (16 February 2025). *પીએમ-કિસાન: સમયસર નાણાકીય સહાય દ્વારા અન્નદાતાઓનું સશક્તિકરણ* . press information bureau : http://www.pib.gov.in માંથી પ્રાપ્ત

24. વિશ્વબેંક. (10 December 2023). *Fact Sheet: An Adjustment to Global Poverty Lines*. worldbank.org: http://www.worldbank.org માંથી પ્રાપ્ત

25. Attah, J. O., Anyebe, A. A., & Adamu, I. S. (2023). Contribution of National Open Apprenticeship Scheme of the National Directorate of Employment to self-employment among youths in Kaduna state. *International Journal of Intellectual Discourse*, *6*(3), 1–9.

26. Geetha, V., & Vijayalakshmi, P. (2023). PROGRESS OF PRIME MINISTER EMPLOYMENT OF GENERATION PROGRAMME IN TAMIL NADU. *European Chemical Bulletin*, *12*(1), 2470–2473. https://doi.org/10.31838/ecb/2023.12.s1-B.248
27. Harish, N. (2020). Impact of Mahatma Gandhi National Rural Employment Guarantee Act on Rural Households: A Case Study in Davanagere District of Karnataka. *International Journal of Arts, Science and Humanities*, *7*(3), 20–30. https://doi.org/10.34293/sijash.v7i3.1137
28. Tsauni, A. M. (2010). SOCIO ECONOMIC ANALYSIS OF SELF EMPLOYMENT AMONG WOMEN IN NIGERIA. *Nigeria's Social Problems*, 145–155.
29. Vani, G. K., Murthy, P. S. S., Chandrakanth, M. G., Gaddi, G. M., Chandrashekar, H., Nagaraj, N., & Bhattarai, M. (2015). Employment Generation, Labour Migration and MGNREGP Intervention: Evidences from a Village Level Study. *Agricultural Economics Research Review*, *28*, 267–274. https://doi.org/10.5958/0974-0279.2015.00042.7